# શહેરમાં આજે રામ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાશે

## વિવિધ મંદિરોમાં યજ્ઞ-અભિષેક-પૂજા-આરતી સાથે ભગવાન રામનો પ્રાગટ્ય મહોત્સવના આયોજનો : વાવોલ-પેથાપુર વગેરેમાં ભવ્ય શોભાયાત્રાઓ યોજાશે : રામધૂન સાથે ડાયરા અને ભજન-કિર્તનના પણ આયોજનો : પહેલીવાર પ્રજ્ઞાચક્ષુ બાળકો ભગવાનની મહાઆરતી ઉતારશે

ગાંધીનગર, તા.૨૯

દેશભરમાં હિન્દુઓના આરાધ્ય દેવ ભગવાન શ્રી રામનો જન્મોત્સવ "રામનવમી" તા.૩૦મી માર્ચ ગુરુવારના રોજ ભારે શ્રદ્ધાપૂર્વક ધામધૂમથી ઉજવાશે. ગાંધીનગરમાં પણ રામનવમીના પાવન પર્વ નિમિત્તે શહેરના મંદિરોમાં રામ જન્મોત્સવ સાથે પૂજા-આરતી સહિત શોભાયાત્રાઓ અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોના આયોજન કરવામાં આવ્યાં છે. આ સાથે શહેરના સ્વામિનારાયણ મંદિરોમાં રામનવમીની ઉજવણી સહિત સ્વામિનારાયણ જયંતિ પણ ઉજવાશે.

પંચદેવ મંદિર, સે.૨૨

ગાંધીનગરમાં રામનવમી નિમિત્તે શહેરના રામ મંદિરોમાં રામ જન્મોત્સવના વિવિધ આયોજન કરવામાં આવ્યા છે. શહેરના સેક્ટર-૨૨માં સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરે બપોરે ૧૨ વાગે ભગવાન શ્રી રામચંદ્રનું પૂજન કરાશે અને ત્યારબાદ મહા આરતી યોજાશે આ પ્રસંગે પંચજરીના મહાપ્રસાદનું વિતરણ પણ કરાશે.

જલારામ ધામ, સે.૨૯

ગાંધીનગર ના સેક્ટર-૨૯માં જલારામ ધામ ખાતે રામ નવમી નિમિત્તે સવારે ૮ કલાકે ભગવાન શ્રી રામચંદ્રજીની પૂજન વિધિ કરાશે ત્યારબાદ ૮.૩૦ કલાકે જલારામ બાપાની પૂજન વિધિ યોજાશે. આ પછી સવારે ૧૦.૩૫ કલાકે જલારામ સેવા સમાજના પ્રમુખ સેવંતીલાલ ઠક્કરના હસ્તે શ્રી રઘુવંશી ધ્વજવંદન યોજાશે અને ૧૦.૪૫ કલાકે સંકીર્તનનું આયોજન કરાયું છે. બરાબર બપોરે ૧૨ કલાકે ભગવાન શ્રી રામ જન્મોત્સવ તથા આરતી યોજાશે. આ સાથે રામનવમી નિમિત્તે શ્રી જલારામ ધામ ખાતે શ્રી જલારામ અભ્યુદય સદભાવના ટ્રસ્ટના સહયોગથી થેલેસેમિયા પિડીત બાળકોના હિતાર્થે સવારે ૯થી ૧૨ કલાક દરમિયાન રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી રામજી મંદિર, સે.૩ડી

ગાંધીનગરના સેક્ટર-૩ડી ખાતે સાંઈબાબાના મંદિરની બાજુમાં શ્રીરામ સેવા ટ્રસ્ટ સંચાલિત શ્રી રામજી મંદિર ખાતે રામનવમી નિમિત્તે સવારે ૧૦ કલાકે ધજા રોપણ અને ભજન કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત ભગવાન શ્રી રામની આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પ્રસંગનો લાભ લેવા શહેરના સર્વે ભાવિક ભક્તોને પરિવાર સહિત પધારવા શ્રીરામ સેવા ટ્રસ્ટ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે



શ્રી રામધામ, વાવોલ

ગાંધીનગરના વાવોલ ખાતે સુપ્રસિદ્ધ શ્રી રામધામ ખાતે બપોરે ૧૨ કલાકે ભગવાન શ્રી રામચંદ્રજીનો જન્મોત્સવ ઉજવાશે જેમાં સર્વ પ્રથમ રામલલ્લાનું પૂજન કરાશે ત્યારબાદ મહઆરતી યોજાશે. આ સાથે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા રામનવમીના પાવન દિને ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રા વાવોલના સુપ્રસિદ્ધ "રામ ધામ" ખાતેથી બપોરે ૩ કલાકે નીકળશે અને વાવોલના માર્ગો પર પરિભ્રમણ કરશે. આ ભવ્ય શોભાયાત્રામાં જોડાવા માટે શહેરના હિન્દુ સમગ્ર સમુદાયને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

શ્રી રામજી મંદિર, પેથાપુર

ગાંધીનગરના પેથાપુર ખાતે શ્રી રામ સત્સંગ મંડળ તથા સમસ્ત પેથાપુર ગામ દ્વારા રામનવમીના પાવન પર્વ નિમિત્તે વિવિધ ધાર્મિક આયોજન કરવામાં આવ્યા છે. સૌપ્રથમ પરોઢિયે પાંચ કલાકે ભગવાન રામલલાનો મહા અભિષેક યોજાશે ત્યારબાદ બપોરે ૧૨ કલાકે મહાઆરતી સાથે શ્રીરામ જન્મોત્સવ ઉજવાશે અને બપોરે ૧૨.૩૦ કલાકે ભવ્ય શોભા યાત્રાનો પ્રારંભ થશે. આ શોભાયાત્રા પેથાપુરના વિવિધ વિસ્તારો આવરી લેશે જેમાં રામજી મંદિરથી શરૂ કરીને અંબિકા ચોક, બસ સ્ટેન્ડ, નવું ડેલું, પાલૈયા મહાકાળી મંદિર, બળીયાદેવ, પેથાપુર ચાર રસ્તા, સ્વપ્ન વિલા સોસાયટી, કુમારશાળા, નગરપાલિકા, મૂલચંદ પાર્ક અને સ્વામિનારાયણ મંદિર થઈને નિજ મંદિર પરત ફરશે. આ ઉપરાંત રામજી મંદિર ખાતે રાત્રે ૯ કલાકે ભવ્ય ડાયરો યોજાશે જેમાં કલાકાર કૃણાલ શુક્લ રામ ભક્તિની રંગત જમાવશે.

બાલા હનુમાનજી મંદિર, સે.૨

શહેરના સેક્ટર-૨ ખાતેના બાલા હનુમાનજી મંદિરે શ્રી રામ નવમી નિમિત્તે શ્રી રામ જન્મોત્સવનું આયોજન કરાયું છે જેમાં સવારે ૯ કલાકે યજ્ઞ યોજાશે. આ સાથે ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમ વખત પ્રજ્ઞા ચક્ષુ બાળકો દ્વારા સાંજે ૭.૩૦ કલાકે ભગવાન શ્રીરામની મહા આરતી કરવામાં આવશે અને આ પ્રજ્ઞા ચક્ષુ બાળકોના હસ્તે કેક કાપવામાં આવશે. આ સાથે પ્રજ્ઞાચક્ષુ બાળકો માટે મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પ્રસંગનો લાભ લેવા માટે મંદિરના સંચાલકો દ્વારા શહેરના શ્રદ્ધાળુ પરિવારોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સ્વામિનારાયણ મંદિર, સે.૨

ગાંધીનગરના સેક્ટર-૨ ખાતેના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રામનવમી નિમિત્તે ભગવાન શ્રીરામનો જન્મોત્સવ ઉજવાશે જેમાં બપોરે ૧૧ થી ૧૨ કલાક દરમિયાન શ્રી રામધુનનું આયોજન કરાવ્યું છે અને બપોરે ૧૨ કલાકે પ્રાગટ્ય આરતી યોજાશે અને સર્વે દેવોને નવા વાઘા વસ્ત્રો ધરાવવા સાથે પ્રસાદનું આયોજન કરાયું છે. આ સાથે ભગવાન સ્વામિનારાયણનો જન્મદિવસ પણ હોવાથી શ્રી હરિ જન્મોત્સવનું આયોજન કરાયું છે જેમાં રાત્રે ૧૦.૧૦ કલાકે પ્રાગટ્ય આરતી યોજાશે અને ત્યારબાદ લોકડાયરાના કલાકાર વાસુદેવ પાટડીયા દ્વારા કીર્તન ભજન અને રાસ ગરબા જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેનું સોશિયલ મીડિયા દ્વારા દેશ-વિદેશમાં બધા હરિભક્તો માટે લાઈવ ટેલીકાસ્ટ કરાશે. આ પ્રસંગે ગાંધીનગરની ધર્મ પ્રેમી જનતાને દર્શનનો લાભ લેવા મહંત પીપી સ્વામી દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની

# રાજ્ય સરકારના સાથ-સહકાર અને સેવાના ૧૦૦ દિવસની ગરિમામય ઉજવણી

## નાનામાં નાના માનવીને વિકાસ યાત્રામાં જોડીને ''આ ગુજરાત મેં બનાવ્યું છે''ની અનૂભુતિ સાથે વિકાસનો સંવાહક-સાથીદાર-સહભાગી બનાવ્યો છે : મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા.૨૯

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના પ્રથમ ૧૦૦ દિવસ પૂર્ણ થવા અવસરે સાથ-સહકાર અને સેવાના ૧૦૦ દિવસ ઉજવણી પ્રસંગે સ્પષ્ટપણે જણાવ્યું કે, નાનામાં નાના માનવીને પણ ''આ ગુજરાત મેં બનાવ્યું છે''ની અનૂભુતિ સાથે વિકાસની મુખ્ય ધારામાં લાવ્યા છીએ. વિકાસનો સંવાહક-સાથીદાર અને સહભાગી બનાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપ અને દિશાદર્શનમાં ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જીન બન્યું છે તેમાં સૌના સાથ, સહકાર અને પ્રજાની સેવા ભાવના નિહિત છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યુ કે 'ટિમ ગુજરાત'ના પ્રજાવર્ગોને જે વચનો આપેલાં તે મક્કમતાથી પાળી બતાવ્યા છે-જન જન સુધી વિકાસ પહોંચાડયો છે.

''વચન પાળ્યા છે, પાળીશુ ગુજરાતનું માન-સન્માન વધારીશુ'' એમ સ્પષ્ટપણે જણાવતાં શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે વડાપ્રધાનશ્રીએ કંડારેલા વિકાસ પથ પર અડગ નિર્ણય કર્યાથી આપણે આગળ વધ્યા છીએ. પ્રજાએ બે દાયકાના વિકાસમાં વિશ્વાસ-ભરોસો મુકીને અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વના સમર્થનથી આ વર્ષ ચૂંટણીઓમાં પ્રચંડ જનસમર્થન આપ્યું છે તેનો આ તકે તેમણે રૂણ સ્વીકાર કર્યો હતો.




મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, સમાજના છેવાડાના માનવી અંતિમ છૌરના વ્યક્તિની ચિંતા કરીને આપણે બહુ આયામી વિકાસ આયોજન પાર પાડયા છે. એટલું જ નહિ, પ્રજાહિતમાં કડક નિર્ણયો પણ લીધા છે. ભરતી પરિક્ષામાં ગેરરીતિ આચરનારા અને પેપર લીક કરનારા તત્વો સામે કડક કાનૂની કાર્યવાહિનું વિધેયક, યાત્રાધામોમાં ગેરકાયદેસરના દબાણો દૂર કર્યા છે તથા દરિયાઈ સુરક્ષા સુદ્રઢ કરી છે અને માદક દ્રવ્યો સામે ઝિરો ટોલરન્સથી પેશ આવી ડ્રગ્સ વિરોધી ઝૂંબેશ પણ સફળતાથી આદરી છે.

મુખ્યમંત્રીશ્રીએ ટિમ ગુજરાત તરીકે સરકારના પ્રતિનિધિઓ, અધિકારીઓ-કર્મયોગીઓ સાથે કર્તવ્યરત રહીને વિકાસ યાત્રા અવિરત રાખી અને ગુજરાતનો વિકાસ દેશ અને દુનિયા માટે પથદર્શક બને તેવું પ્રેરક આહવાન પણ કર્યુ હતું.

આ અવસરે સાથ, સહકાર અને સેવાના ૧૦૦ દિવસ પુસ્તિકાનું વિમોચન પણ તેમણે કર્યુ હતું. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ અને સાંસદશ્રી સી.આર.પાટિલ, રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો અને આમંત્રિતો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.



કુડાસણ પ્રાથમિક શાળાના શિક્ષિકા શ્રીમતી મમતાબેન કિરણકુમાર પટેલ દ્વારા તેમની દિકરીના જન્મદિવસે શાળાના તમામ ૪૧૯ બાળકોને પીવાના પાણીની બોટલનું વિતરણ કરીને બાળકોના હાસ્યરૂપી ચહેરા સાથે જન્મદિવસની અનોખી ઉજવણી કરવામાં આવી.

# સાયન્સ સિટીમાં નિર્માણ પામશે ન્યુક્લીયર સાયન્સ એન્ડ ટેકનોલોજી ગેલેરી

## મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં : ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી અને ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સિટી વચ્ચે ગાંધીનગરમાં એમઓયુ થયા : દસ કરોડ રૂપિયાના ખર્ચે ગેલેરીનું નિર્માણ કરાશે



ગાંધીનગર, તા.૨૭

ગુજરાત સાયન્સ સિટીના આકર્ષણોમાં વધુ એક નવું સિમાચિન્હ ન્યુક્લીયર સાયન્સ એન્ડ ટેકનોલોજી ગેલેરીના નિર્માણથી ઉમેરાશે. ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી અને ગુજરાત સરકારના સાયન્સ ટેકનોલોજી વિભાગની ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સિટી વચ્ચે આ ગેલેરીની સાયન્સ સિટીમાં સ્થાપના કરવા માટેના એમ.ઓ.યુ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતીમાં ગાંધીનગરમાં સંપન્ન કરવામાં આવ્યા હતા. મુખ્ય સચિવ રાજકુમાર અને મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી પણ આ અવસરે જોડાયા હતા.

આ ન્યુક્લિયર સાયન્સ એન્ડ ટેકનોલોજી ગેલેરીનું નિર્માણ સાયન્સ સિટીના પ્લેનેટ અર્થ પેવેલિયનમાં રૂ. ૧૦ કરોડની નાણાંકીય સહાયથી હાથ ધરાવાનું છે અને તેનું નિર્માણ કાર્ય ૧૨ મહિનામાં પૂર્ણ થવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આ નવિન ગેલેરી અંગેની વિસ્તૃત વિગતો એમ.ઓ.યુ હસ્તાક્ષર વેળાએ ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જીના સચિવ અને એ.ઈ.સી ના અધ્યક્ષ કે.એન. વ્યાસ તેમજ રાજ્ય સરકારના સાયન્સ ટેકનોલોજી સચિવ વિજય નહેરાએ આપી હતી.

આ ન્યુક્લિયર સાયન્સ એન્ડ ટેકનોલોજી ગેલેરીમાં પરમાણુ અને અણુ ઊર્જા ક્ષેત્ર સાથે સંબંધિત અને વિવિધ આધુનિક હાથ ધરાયેલા પ્રદર્શનો દર્શાવવામાં આવશે. એટલું જ નહિ, આ ગેલેરી પરમાણુ અને અણુ ઊર્જાની ભારતની આત્મનિર્ભરતા તરફની સફરને પણ પ્રદર્શિત કરશે. અહિં આ સફરની નાની શરૂઆતથી લઈને આ ક્ષેત્રમાં વર્લ્ડ પ્લેયર બનવા સુધીની પરિવર્તનકારી સફર પણ પ્રદર્શિત કરાશે. સાયન્સ સિટી પરમાણુ અને અણુ ઊર્જા અને તેના શાંતિપૂર્ણ ઉપયોગો અને ઉપયોગ વિશે સમાજમાં જાગૃતિ લાવવા માટે વિવિધ વર્કશોપ અને કાર્યક્રમો યોજશે. આ હેતુસર ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી (ડ્ઢછઈ) ટેક્નિકલ સહાય પૂરી પાડશે, પ્રદર્શનો માટે કલ્પનાત્મક ડિઝાઈન, વિજ્ઞાનના શિક્ષકોને તાલીમ અને ગેલેરીના વિકાસ માટે સહાય પૂરી પાડશે.

### ગોરંભાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે મહત્તમ તાપમાનમાં ૧.૫ ડીગ્રીનો ઘટાડો નોંધાયો છે. જો કે લઘુત્તમ તાપમાન પણ ૨ ડીગ્રી ઉપર આવતા ગરમીનુ જોર વધી રહ્યુ છે પરંતુ રોજબરોજ આવતા વાતાવરણ પલ્ટાના લીધે વરસાદી વાયરા વચ્ચે આકાશમાં વાદળો ડોકીયા કરી જાય છે. ગઈકાલની સાપેક્ષમાં આજે ભેજનુ પ્રમાણ પણ થોડુ વધ્યુ હતુ. હવામાન તજજ્ઞોના મતે રાજયમાં કમોસમી માવઠાનુ જોર હજુ જોવા મળશે માર્ચ મહીનાના અંતિમ દિવસોમાં પણ ગમે ત્યારે માવઠુ વરસવાની સંભાવના છે. જયારે એપ્રિલના પ્રારંભિક દિવસોમાં પણ માવઠુ વરસવાની સંભાવના છે. મોસમના સતત બદલાતા મિજાજ વચ્ચે જન આરોગ્ય પણ વિશેષ રીતે પ્રભાવિત છે. એકબાજુ કોરોનાના કેસ પણ વધી રહ્યા છે. જયારે વાઈરલ ફીવર સહીત ડેન્ગ્યુ અને સ્વાઈન ફલયુનો ખતરો પણ મંડરાયો છે. આ સ્થિતિ વચ્ચે તબીબો પણ નગરજનોને વિશેષ તકેદારી રાખવાની સલાહ આપે છે. લાંબા સમયથી આકરા ઉનાળે અષાઢી નઝારો નિખરતા નગરજનો ત્રેવડી ઋતુના અહેસાસથી પરેશાન છે. જો કે હજુ આકરા ઉનાળાની અસર પહેલા વરસાદી વાયરા વચ્ચે માવઠાનો માર સહન કરવાનો હોવાનુ પણ હવામાન શાસ્ત્રીઓ જણાંવી રહ્યા છે. ત્યારે એપ્રિલના મધ્ય બાદ અને મેં મહીનામાં ગરમીનો મિજાજ ઉગ્ર બનશે તેવી પણ સંભાવના છે.

### વિચારણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિકસેલ વસાહતોમાં પાણી વિતરણ મનપા જાતે સંભાળશે અને પુખ્ત વિચારણા પછી મનપા અહિ વિતરણની જવાબદારી સાથે બિલ વસુલી માટે આગળ વધશે. આ અનુભવને આધારે તે સમગ્ર શહેરમાં પણ આ જવાબદારી સંભાળવા આગળ વધશે.

ગાંધીનગર શહેરમાં પાણી વિતરણની વ્યવસ્થા હાલ માર્ગ-મકાન વિભાગ પાસે છે. આ વ્યવસ્થા સોંપવાના સરકારના વલણને લઈ મનપાએ પે પ્રોટકશન સાથે સ્ટાફ ફાળવવા જણાવતાં સરકારે નનૈયો ભણ્યો છે. મનપાની રચનાને એક દસકા પછી પણ સફાઈ સિવાયની કોઈ સેવાઓ સત્તાવાર રીતે સરકારે મનપાને ફાળવી નથી તે પણ નોંધનીય છે.

### શેડ બાંધવાનું આયોજન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાંધવાનુ અનિવાર્ય થતા કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. ચાર માળના નવા બિલ્ડીંગને તૈયાર કરવા માટે અંદાજિત રૂ ૧૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જે મુજબ બિલ્ડીંગમાં જરૂરી તમામ સુવિધાઓ ઉભી કરાશે જેમાં બિલ્ડીંગ ફરતે કમ્પાઉન્ડ વોલ, પાર્કીંગ, ફાયર સેફટી સિસ્ટમ, ઉદ્યાન લેન્ડ સ્કેપીંગ સહીતનુ કામ હાથ ધરાશે. તાલીમ સંસ્થાના માધ્યમથી અનેક યુવાનોને વિવિધ કોર્ષની તાલીમ આપી રોજગારી પુરી પાડવામાં આવે છે . જેના લીધે વિવિધ કોર્ષની તાલીમ મેળવીને વિદ્યાર્થીઓ રોજગારી મેળવે છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી જોખમી અને દુવિધાયુક્ત આ બિલ્ડીંગના નવીનીકરણની યોજના ખોરંભે પડી છે. ભાડાની જગ્યાના અભાવે છેલ્લા એક વર્ષથી નવા બિલ્ડીંગની યોજના આગળ વધારી શકાઈ નથી. જયારે હવે શેડ બાંધવાના આયોજનના અંતે કામ આગળ વધશે તેમ મનાઈ રહ્યુ છે.

### ૭ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાયેલ છે. ગાંધીનગર તાલુકામાં આજે દો. વાસણા ગામેથી ૬૫ વર્ષની મહિલા અને અડાલજમાંથી ૭૦ વર્ષના વૃદ્ધનો કેસ નોંધાયેલ છે. સાદરા વિદ્યાપીઠમાંથી પણ કોરોનાનો બીજો કેસ મળતાં તંત્રની ચિંતા વધી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૯૨ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. આજે વધુ ૧ દર્દી રિકવર થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં સઘન સર્વેલન્સ સાથે હોસ્પિટલાઈઝેશનના નિયમોની અસરકારક રીતે કરવાની સૂચનાઓ આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ પાંચ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા પાંચ કેસમાં બે મહિલા દર્દી છે. એક દર્દી સિનીયર સીટીઝન છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૪ કેસ અને સેક્ટરમાં એક કેસ નોંધાયેલ છે. આજે નોંધાયેલ એક પણ દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતો હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીઓ કેવી રીતે સંક્રમિત થયા તેને લઈ તંત્રએ તપાસ હાથ ધરી છે તેમજ દર્દીના સંપર્કમાં આવેલા લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવી રહ્યા છે.

શહેરમાં સમાવિષ્ટ સરગાસણ ગામમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. સરગાસણમાંથી આજે બે દર્દી નોંધાયા છે. સરગાસણમાંથી ૪૦ વર્ષીય ગૃહીણી તેમજ ૬૪ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

વાવોલમાંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ૫૨ વર્ષીય ગૃહીણી અને ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ ઉપરાંત સે. ૨૭માંથી એક ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે નોંધાયેલ તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. અગાઉની કોરોના લ્હેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાં કેસો મળવાના શરૂ થતાં તંત્રની ચિંતા વધી છે. તંત્રએ સઘન સર્વેલન્સની સાથે હોમ આઈસોલેશનના નિયમોની કડક અમલવારી કરવા સૂચનાઓ આપી છે.

### લોકાર્પણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસાના સરદાર પટેલ હોલમાં આ કાર્યક્રમનું આયોજન કરાયુ છે. મુખ્યમંત્રી પદ બીજીવાર સંભાળ્યા બાદ તેઓ બીજીવાર મુખ્યમંત્રી માણસા જઈ રહ્યા છે. તંત્રએ આ અંગેની તડામાર તૈયારીઓ હાથ ધરી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે આ કાર્યક્રમના આયોજનને આખરી ઓપ આપવા આજે સાંજે માણસા ખાતે અધિકારીઓની બેઠક પણ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

મુખ્યમંત્રી અગાઉ બાપુપુરા, વડાસણ અને વિહારની અચાનક મુલાકાતે પહોંચી ગયા હતા અને ગ્રામજનો સાથે મોકળા મને વાતો કરી તેમની રજુઆતો સાંભળી હતી જે નોંધનીય છે.

### ૨ હજારને પાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મંત્રાલયના આંકડા દર્શાવે છે કે, દેશમાં કોરોનાને કારણે અત્યાર સુધીમાં ૫ લાખ ૩૦ હજાર ૮૪૮ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. બીજી તરફ ૪ કરોડ ૪૧ લાખ ૬૬ હજાર ૯૨૫ લોકો સ્વસ્થ થઈને ઘરે પરત ફરી ચૂક્યા છે.

નવા આંકડાઓ સહિત ભારતમાં કોવિડનો શિકાર બનેલા દર્દીઓની સંખ્યા ૪ કરોડ ૪૭ લાખ ૯ હજાર ૬૭૬ પર પહોંચી ગઈ છે.

એક દિવસ અગાઉ પણ દેશમાં કોરોના વાયરસના સંક્રમણના ૧,૫૭૩ નવા કેસ નોંધાયા હતા અને તે દરમિયાન સારવાર હેઠળના દર્દીઓની સંખ્યા વધીને ૧૦,૯૮૧ થઈ ગઈ હતી.

## એવલોન ટેકનોલોજીસ લિમિટેડનો આઈપીઓ ૩ એપ્રિલે ખૂલશે

અમદાવાદ, ૨૯

એવલોન ટેકનોલોજીસ લિમિટેડ (કંપની) પ્રતિ શૅર રૂ. ૨ની ફેસવેલ્યુ લેખે રૂ. ૮,૬૫૦ મિલિયનના શૅર (ઈક્વિટી શૅર) માટે આગામી ૩ એપ્રિલ, ૨૦૨૩ને સોમવારે ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ (આઈપીઓ) ખોલવાની દરખાસ્ત કરે છે. આ ઈનિશિયલ પબ્લિક ઑફરિંગમાં રૂ. ૩,૨૦૦ મિલિયનના નવા ઈક્વિટી શૅર (ફ્રેશ ઈસ્યુ)નો તથા શૅરધારકોને (વેચાણની ઑફર તથા સાથે ફ્રેશ ઈસ્યુ, અર્થાત ઑફર) કુલ રૂ. ૫,૪૫૦ મિલિયનના શૅર ઑફર કરવાનો સમાવેશ થાય છે. એંકર ઈન્વેસ્ટર બિડિંગ ૩૧ માર્ચ, ૨૦૨૩ને શુક્રવારે યોજાશે. સબસ્ક્રિપ્શન માટે ઑફર ૩ એપ્રિલ, ૨૦૨૩ને સોમવારે ખૂલશે અને ૬ એપ્રિલ, ૨૦૨૩ને ગુરુવારે બંધ થશે.

ઑફરની પ્રાઈસ બેન્ડ પ્રતિ શૅર રૂ. ૪૧૫ થી રૂ. ૪૩૬ નિશ્ચિત કરવામાં આવી છે. ઓછામાં ઓછા ૩૪ ઈક્વિટી શૅર અને ત્યારબાદ ૩૪ ઈક્વિટી શૅરના ગુણાંકમાં બિડ કરી શકાશે.

કંપની ફ્રેશ ઈસ્યુ દ્વારા થનાર આવકનો ઉપયોગ નીચે જણાવેલી બાબતો માટે કરવા માગે છેઃ (૧) કંપની તથા મટિરિયલ સબસિડિયરી પૈકી એક- એવલોન ટેકનોલોજી એન્ડ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા લેવામાં આવેલી અંદાજે રૂ. ૧,૪૫૦ મિલિયનની લોનનું સંપૂર્ણ અથવા અમુક હિસ્સાનું પ્રીપેમેન્ટ અથવા રિપેમેન્ટ; (૨) કંપનીની અંદાજે રૂ. ૯૦૦ મિલિયનની વર્કિંગ કૅપિટલની જરૂરિયાતને ફંડિંગ; (૩) બાકીની રકમ જનરલ કૉર્પોરેટ હેતુઓ માટે.

ઈક્વિટી શૅરની વેચાણ ઑફરમાં કુલ મળી કુનહમેદ બિચાના રૂ. ૧,૩૧૦ મિલિયન સુધીના તથા ભાસ્કર શ્રીનિવાસના રૂ. ૧,૭૨૦ મિલિયન સુધીના; (''પ્રમોટેર સેલિંગ શૅરહોલ્ડર''); ટી પી ઈમ્બિચમેદના રૂ. ૧૬૦ મિલિયન સુધીના; મરિયમ બિચાના રૂ. ૧૦૦ મિલિયન સુધીના; આનંદ કુમારના રૂ. ૭૫૫ મિલિયન સુધીના; સારદેય સેશુ કુમારના રૂ. ૬૫૦ મિલિયન સુધીના તથા લુકમન વીડુ એડિયનસના રૂ. ૭૫૫ મિલિયન સુધીના શૅરનો સમાવેશ થાય છે.